**હિસાબ નિયામકશ્રીની કચેરી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી**

---

**<u>ખુબ જ જરૂરી</u>** **વિષયઃ– યુનિવર્સિટીની આવક જમા કરાવવા બાબત.**

**:: <u>પરિપત્ર</u> ::**

આ યુનિવર્સિટીના તમામ કચેરીઓના વડાશ્રીઓ / નાણાં ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આ યુનિવર્સિટીમાં નાણાંકિય વ્યવહારો સરળતાથી ચાલે તે માટે દરેક કચેરીના નામનું બેન્ક ખાતુ ખોલાવવાની અત્રેથી મંજુરી આપવામાં આવેલ છે. અને જે અન્વયે આ યુનિવર્સિટીની તમામ કચેરીઓએ નાણાંકિય વ્યવહારો માટેના બેન્ક ખાતા ખોલાવી લીધેલ છે. જેને કારણે હાલમાં નાણાંકિય લેવડ–દેવડ ચેક દવારા સરળતાથી થઈ રહેલ છે.

આ યુનિવર્સિટીમાં અલગ–અલગ પ્રકારની આવક થાય છે, અને જે આવક **(1) NAU FUND A/C.** અને **(2) NAU REVOLVING FUND A/C. (B.H.9510)** ના નામથી રોકડ, ચેક, ડીમાન્ડ ડ્રાફટ દવારા આવક સ્વીકારીને જે તે ડી.ડી.ઓ. દવારા ચલણ મારફત વહિવટી–વ–હિસાબી અધિકારીને જમા લેવા મોકલવામાં આવે છે. કેટલીક વખત આવી આવકોના ચેકો અપુરતા બેન્ક બેલેન્સના અભાવે રિટર્ન થતાં હોય છે,અને જેના કારણે બેન્ક દવારા પેનલ્ટી ઉધારવામાં આવે છે. તેમજ ઘણી વખત આવી આવકો કેટલીક સંસ્થાઓ દવારા બારોબાર વહિવટી–વ–હિસાબી અધિકારીના બેન્ક ખાતામાં જમા કરતી હોય, જેને કારણે જે તે કચેરીઓને આવી બારોબાર જમા થયેલ આવકની જાણકારી ન હોવાથી જે તે કચેરીના રેકર્ડમાં આવકની નોંધ થતી હોતી નથી તેમજ જે તે કચેરી દવારા આવકના ચલણ વહીવટી–વ–હિસાબી અધિકારીને મોકલેલ ન હોવાથી તેઓના તરફથી આવક જમા લઈ શકાતી નથી. આવી બારોબાર જમા થયેલ આવક વર્ષોવર્ષ **<u>UN-POSTED AMOUNT</u>** તરીકે હિસાબોમાં ખેંચાતી રહે છે. જેના કારણે નાણાંકિય હિસાબોના મેળવણામાં અનિયમિતતા સર્જાય છે, તેમજ આ અંગે ઓડિટતંત્ર તરફથી પણ ઓડિટ પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જેથી આવક જમા કરાવવા બાબતે એકસુત્રતા જાળવવા નીચે મુજબ હવેથી અમલ કરવાનો રહેશે.

(૧) ફાર્મ ઉત્પાદન અથવા અન્ય કોઈ પણ પ્રકારની આવક બહારની સંસ્થા પાસેથી મેળવવાની થાય ત્યારે આવી આવકો વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રીની કચેરીમાં બારોબાર જમા ન કરાવતાં, જે તે કચેરીના નામના ઉપાડ અને ચુકવણા અધિકારીના નામે રોકડા / ચેક /ડીડી / ધ્વારા મેળવી, જે તે કચેરી ખાતે કેશબુકમાં જમા લઈ પહોંચ મોકલી આપવાની રહેશે. ત્યાર બાદ તે જ દિવસે આ મળેલ આવક જે તે કચેરીના બેન્ક ખાતામાં જમા કરવાની રહે છે.

(૨) ઉપર મુજબ જમા થયેલ આવક જેટલી જ રકમનો **NAU FUND A/C** અથવા **NAU REVOLVING FUND A/C** ના નામનો ચેક તૈયાર કરી, ચલણ સાથે આવક જે તે બજેટ સદરમાં જમા લેવા માટે વહીવટી–વ–હિસાબી અધિકારીની કચેરીને સત્વરે મોકલી આપવાની વ્યવસ્થા નાણાં ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીએ કરવાની રહેશે.

(૩) જે તે કચેરીના બેન્ક ખાતામાં દર છ માસે જમા થતી બેન્ક વ્યાજની આવક આ કચેરીએ જમા કરાવવામાં આવે છે, **જે હવેથી NAU FUND A/C** ના નામનો ચેક તૈયાર કરી યુનિવર્સિટી **B.H: 18100** હેઠળ જમા લેવા માટે ચલણ ધ્વારા વહી.–વ–હિસાબી અધિ.ની કચેરીને મોકલી આપવાનો રહેશે.

પ્રસ્તુત પરિપત્ર માન. કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે અને જેનો અમલ તા. **<u>૦૧/૦૪/૨૦૧૫</u>** થી અચુકપણે કરવાનો રહેશે. વહી.–વ–હિસાબી અધિકારીશ્રીએ ઉપર મુજબ અમલ થયેલ હશે તેવા જ આવકના ચલણો પાસ કરવાના રહેશે. જમા થયેલ આવક કોઈપણ સંજોગોમાં કચેરી વાપરી શકશે નહિ, જે જાણ સારૂ.

**હિસાબ નિયામક**

---

જા.નં.ન.કૃ.યુ./કોમ્પટ/કંટ્રોલ/૨૯૮૧–૩૦૩૧/૨૦૧૫ તા.૩૧/૦૩/૧૫

(૧) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ...

(૨) તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ અમલ થવા સારૂ.

(૩)માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી,ન.કૃ.યુ.નવસારી